# ‘વટસાવિત્રી વ્રત’ જેઠ સુદ પૂનમ
# વટ પૂર્ણિમા

નારી એ શક્તિસ્વરૂપ છે. તે નાજૂક, મૃદુ, અને સહનશીલ છે. સંસારનો ભાર વહન કરનારી છે. સદાચારી, સહાયક અને શુભાંગીની છે. પણ જ્યારે નારી રૌદ્રસ્વરૂપ ધારણ કરે છે ત્યારે સામેની કોઈપણ શક્તિ હોય તેનો વિનાશ જ થઈ જાય છે. ચંડ-મુંડ અને મહિષાસુર જેવા પ્રચંડ શક્તિશાળી કપટી રાક્ષસોનો પૂર્ણ સંહાર નારી શક્તિના પરાક્રમનું પ્રતિક છે. દેવો પણ જ્યારે સંકટમાં આવે છે ત્યારે દેવતા નારી પાસે જ આવે છે. એટલે જ આદ્યમાયા દેવીને કરેલી પ્રાર્થના મા પાર્વતી સાંભળે છે અને શક્તિસ્વરૂપ પ્રગટાવીને દુષ્ટોનો સંહાર કરે છે અને આજની નારી પણ શક્તિસંપન્ન છે.

વટસાવિત્રીની કથામાં નારીશક્તિ સાવિત્રીનો પરિચય થાય છે. રાજા દ્યુમસેનનો પુત્ર સત્યવાન સાવિત્રીનો પતિ છે. સાવિત્રી ચારિત્ર પતિવ્રતા હતી. પતિ સત્યવાન અલ્પાયુષી છે જેની તેને ખબર હતી, પણ પોતાનો પતિવ્રતા ધર્મ પર એને પૂર્ણ ભરોસો હતો.

સત્યવાનની મૃત્યુની વેળા સમીપ આવે છે ત્યારે સાવિત્રીએ ત્રિરાત્ર સાવિત્રી વ્રતનું પાલન કર્યું.

જેઠ સુદ તેરસથી વટસાવિત્રી વ્રતનો પ્રારંભ થાય છે. આ વ્રતમાં ત્રણ દિવસ ઉપવાસ કરવાના હોય છે પણ ત્રણ દિવસ ઉપવાસ કરવું શક્ય ના હોય તો જેઠ સુદ પૂનમનો ઉપવાસ તો સુહાગન બહેનોએ કરવો જ જોઈએ. શાસ્ત્ર અને પરંપરાગત દૃષ્ટિએ પતિ-પત્નીમાં પતિ દેવરૂપ હોય છે અને પતિ નારીનું સૌભાગ્ય હોય છે. પત્ની દેવીરૂપ છે અને તે પતિને પરમેશ્વર માનીને ગળામાં પહેરેલું મંગળસૂત્ર અને સેંથામાં ભરેલો લાલ સિંદૂર અને કપાળ પરનો લાલ કંકુનો ચાંદલો સ્ત્રીનું સૌભાગ્ય કહેવાય છે અને પત્ની આજીવન પતિને પોતાનું સર્વસ્વ માને છે અને પતિની સેવા કરવા ઈચ્છે છે એ જ અખંડ સૌભાગ્ય છે. આ ભાવ સમાજે આપવો



ઘણી સ્ત્રી ઈચ્છે છે અને સાત જન્મ સુધી એ જ પતિ પ્રાપ્ત થાય માટે વટપૂર્ણિમા વ્રત કરે છે અને જીવનમાં શાંતિ, સમાધાન, સંતોષ મેળવે છે. અખંડ સૌભાગ્ય મેળવવું એ જ સ્ત્રીની પરીક્ષા છે. સતીત્વ સ્ત્રીનો શ્રૃંગાર છે, એના સફળ જીવનની પદવી છે. જંગલમાં લાકડા ભેગા કરીને એક મહાવટ વૃક્ષની છાયામાં સાવિત્રી વિશ્રામ કરવા બેઠેલી હોય છે અને માથામાં અસહ્ય વેદનાનો મહાપ્રલય થવાથી સત્યવાન સાવિત્રી પાસે આવે છે અને શરીર

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

વેદનાની વાત કરીને માથું સાવિત્રીના ખોળામાં મુકે છે. આ સમય સત્યવાનના મૃત્યુની ઘડી જ કહેવાય. યમદૂતો સત્યવાનના પ્રાણ લેવા આવે છે પણ સતી સાવિત્રીના પવિત્ર તેજોમંડળથી યમદૂતો સતી સાવિત્રી પાસે જઈ શક્તા નથી અને તેઓ આ વાત સ્વયં યમરાજ ધર્મરાજને કહે છે. સત્યવાનનું આયુષ્યપૂર્ણ થયું છે. તેના પ્રાણ લાવવા જ પડે એટલે સ્વયં યમરાજ મૃત્યુપાશ લઈને જંગલમાં સત્યવાન અને સાવિત્રી સમક્ષ જાય છે અને પોતાના શક્તિ સામર્થ્યથી સત્યવાનના પ્રાણ હરણ કરીને પાછા જવા લાગે ત્યારે સતી સાવિત્રી સત્યવાનનું નિઃપ્રાણ શરીર જોઈને ઉઠીને પોકારે છે "હે દયાવાન ધર્મરાજ યમદેવજી! થોભો. મારા પતિના પ્રાણ પાછા આપો. પતિ જ મારા પ્રાણ છે, તો હું જીવીત કેમ રહીશ? એક સાથે બે-બે પ્રાણ તેમ કેમ લઈ લઈ જાવ છો? હે દયાળુ દેવ! મારા પતિના પ્રાણ

> **યમદૂતો સત્યવાનના પ્રાણ લેવા આવે છે, પણ સતી સાવિત્રીના પવિત્ર તેજોમંડળથી યમદૂતો સતી સાવિત્રી પાસે જઈ શક્તા નથી**

પાછા આપો અને યમરાજે કહ્યું ‘હે કન્યા તારા પતિના પ્રાણ પાછા આપવાનું શક્ય નથી. પતિ વિના તારે જીવવું પડે.’ અને સતી સાવિત્રી કહે છે ‘હે મૃત્યુદેવ તે મારા માટે અશક્ય છે. મારો પતિવ્રતા ધર્મ તે માન્ય રાખતો નથી.’ આ પ્રમાણે ધર્મરાજ યમદેવ અને સતી સાવિત્રીના સંવાદો થાય છે.

યમરાજ સાવિત્રીને સમજાવે છે તેમાં અનેક પ્રશ્નો પૂછવામાં આવે છે અને સતી સાવિત્રી દઢતાપૂર્ણ દરેક પ્રશ્નોનો યોગ્ય ઉત્તર આપે છે.

સાવિત્રીની કુશાગ્ર બુદ્ધિ, તાર્કિક વેદસંપન્ન ઉત્તરો સાંભળીને યમરાજ પ્રભાવિત થાય છે. માણસનો મૃત્યુ નિશ્ચિત છે અને અટલ છે પણ સાવિત્રીના યુક્તિવાદી ઉત્તરો સાંભળીને યમરાજ સત્યવાનના પ્રાણ પાછા આપે છે અને સાવિત્રી ભવિષ્યમાં પુત્રવતી, સૌભાગ્યવતી અને અખંડ સૌભાગ્યવતી રહે છે. વટવૃક્ષ વૃક્ષરાજ છે એનું પૂજન સતીત્વ સૌભાગ્ય આપે છે. ભારતીય નારી સતી સાવિત્રી અને સત્યવાનને યાદ કરે છે. વટ્ વૃક્ષાય નમઃ

# હરિની કળા અપરંપાર

મિત્રો આજે મારે ગુરુકૃપાએ વાત કરવી છે. હરિની અપરંપાર કળાની ‘જાને બિનુ ન હોઇ પરતીતિ, બિનુ પરતીતિ હોઇ નહીં પ્રીતિ’ જો હરિની કૃપાનો- મહિમાનો પરિચય થશે તો ભરોસો થશે, જો ભરોસો થશે તો પ્રેમ થશે ને? આપણા ભજનિકો કહે છે ‘કળા અપરંપાર વ્હાલા એમાં પહોંચે નહીં વિચાર આવી હરિની કળા અપરંપાર. કેવો અજબ કલાકાર છે એ! કવિની સૂક્ષ્મ કલ્પના તો જુઓ! મોરના ઇંડામાં તે રંગ મોહન કેમ પૂર્યો કરતાર એવી તારી કળા 40-50નું લીલું નાળિયેળ, તરાપો પીતા હોઇએ ભૂંગળી નાંખીને ત્યારે કોઇ દિવસ વિચાર્યું કે આમાં પાણી ક્યાંથી આવ્યું? પાછું સાવ શુદ્ધ! એમાં ભેળસેળ થતી નથી. જો કરવા જાય તો મોંઘી પડે. આ દેશમાં નાળિયેળ પાણી જ શુદ્ધ મળે છે. એ પીતાં વિચાર કર્યો કે આટલે ઊંચે આ પાણી ચડાવ્યું કોણે? નાળિયેરીના થડને તમે કાપો તો કોઇ પાઇપ લાઇન દેખાતી નથી. નીચે ક્યાંય મોટર મુકેલી નથી, તો ય પાણી ભરાઇ ગયું ને! પ્લાસ્ટિકની બોટલને પાણી ભર્યા પછી સીલ કરવા માટેના મશીન આવે ને આ એની મેળે સીલ થઇ જાય! કમાલ છે ને? કવિને પ્રશ્ન થાય છે કે ‘હરિવર તું ક્યાં હથોડે ઘાટનો ઘડનાર જી. બાળકને પ્રભુ માત-પિતાના આવે ક્યાંથી અણસાર જી. હરિ તારી .... હે પ્રભુ! ક્યાં હથોડાથી તે બાળકને ઘાટ આપ્યો બાળકને જોતાવેંત એના માતા-પિતાના અણસાર આવે. સામ્યતા લાગે. પ્રભુની કળાનો અનુભવ કરો. પથ્થર અંદર જીવ જીવેને બંધ શ્રીફળમાં પાણી, ઇશ્વર તું પણ છે વિજ્ઞાની’’ પથ્થરની અંદર પણ જીવ જીવે છે. કેમ જીવતો હશે? હરિની કૃપા જ ને? ને બંધ શ્રીફળમાં પાણી! ભગવાનની આ અલૌકિક કળાના દર્શન કરે ને પછી સમજે તો ‘જો સમજા ઓ હુઆ દીવાના’ દશા જેવી થાય ને? એક ભજનમાં કહે છે કે જુઓ નાળિયેરના ઝાડ ઘણા ઊંચા દેખાય એના ફળમાં 3.3 પડદા દેખાય એમાં પાણીને પૂરનાર એને તમે ઓળખી લ્યો. વાલો સૃષ્ટિનો સર્જનહાર એને તમે ઓળખી લ્યો. કવિ પ્રભુને પૂછે છે કે પ્રભુ! હે જવાબ દે ને આ પોલા નભમાં સૂર્ય-ચંદ્ર ક્યા રહેતા હશે? જનનીના ઉદરમાં જીવ જીવેને વાયુ ક્યાંથી વહેતો



હશે? ‘હે ઇશ્વર! તું સરજાવે તું સંહારે પણ રાખે નહીં કોઇ નિશાની ઈશ્વર તું પણ છે વિજ્ઞાની. માના ઉદરસ્થ બાળકને જીવાડવા તું હવાની વ્યવસ્થા કેવી રીતે કરતો હશે? કીડીના આંતર કેમ ઘડિયા સૃષ્ટિના સર્જનહાર. જુઓ કીડી સાવ નાનકડો જીવ. છતાં ય ખાય છે. પાચન થાય છે. એ મળ-મૂત્રનો ત્યાગ કરે છે અને પાછું પ્રજનન કરી જીવ જન્માવે. વિચાર તો કરો પ્રભુની આ લીલાનો! એક નાનકડી કીડી તેમાં નાનું એવું એનું પેટ, એમાં આંતરડા ક્યાં હશે? ક્યાં પાચનની હોજરી! વિચારી તો જુઓ પરમાત્માની આ કૃપાનો! કબીરજી પણ કહે છે ને? ચીંટી કે પાવકી પાયલ બાજે વો ભી મેરા સાહિબ સુનતા હૈ! ગજબ છે ને? નાનકડી કીડી નાનકડા પગ એના ઝાંઝરને એનું નાનકડું ઘુઘરુ ને એનો અવાજ પણ પરમાત્મા સાંભળે! માતાના ઉદરમાં જીવ ઊંધે માથે લટકતો હોય ને એના જન્મ પહેલા જ

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

માના સ્તનમાં દૂધની વ્યવસ્થા તે કરી દીધી! પયપાન માટે જાદૂગર તે લોહીનું દૂધ બનાવ્યું રામ. ક્યા કર્મે આ જીવ ખાલી કૃતિનો વિચાર કરો ને તો કર્તાનો મહિમાં સમજાય. ‘જુઓ આકાશે વાદળ કેવા ચઢ્યા? એમાં અમૃતસમાં નીર કોણે ભર્યા? એ તો વર્ષાનો વરસાવનાર એને તમે ઓળખી લ્યો. જુઓ મોરનાં પીંછામાં રંગ પૂર્યા? મનમોહક રંગીન મોરનાં પીંછા એ રંગ કેમ પૂર્યા હશે મોહને. મોહ પમાડનાર મોરનાં પીંછા ને રંગ પૂરનાર મોહ ન જેને મોહ નથી એવો! કવિ કહે છે કે કીડીના આંતરડા બનાવનાર એમાં ઝીણી કળાનો જાણકાર એને તમે ઓળખી લ્યો. બારીક, સૂક્ષ્મ કારીગરી અને શું મંત્ર મુગ્ધ કરનારી એની કળા! પાછો કલાકાર દેખાતો નથી. પ્રભુની આવી અકળ કળા! કોઇ કવિ આગિયા માટે કહે છે કુદરત તારી અકળ ગતિ. પતંગિયાના પેટમાં બત્તી. જિજ્ઞાસા થવી જોઇએ ને કે આટલી અદ્ભુત સૃષ્ટિ! એનો રચનાકાર કેવો હશે? દુન્વયી માતા-પિતા બાળકની ચિંતા કરવા કરે જુઓ મધ્યપ્રદેશના જબલપુરમાં ક્રુઝ દુર્ઘટના થઇ. માએ મરતી વેળાએ પણ પોતાના બાળક ને છાતીએ વળગાડી રાખ્યું હતું. સૌએ માતાના પ્રેમની નોંધ લીધી તો આ તો જગત પિતા છે. કાળી -કાળી વાદળીનો

> **સૌને પોત-પોતાની જરૂરિયાત અને યોગ્યતા મુજબ પહોંચાડનાર કીડીને કણ ને હાથીને મણ**

ગોવાળ કેવો કાળો હશે? ધીમી ધારે વરસાદ વરસતો હોય, કાળા ડિબાંગ વાદળ છવાયેલાં હોય નથી લાગતું કે કાળી કાળી વાદળરૂપી ગાયને કોઇ દોહી રહ્યું હોય વગર આંચળે! સૌને પોત-પોતાની જરૂરિયાત અને યોગ્યતા મુજબ પહોંચાડનાર કીડીને કણ ને હાથીને મણ. એ હિસાબ કરનારો શેઠિયો કેવો હશેય એ અદશ્ય કર્તાની કલ્પના કરવાની એ ક્યાં હશે? કેવો હશે? એ રીતે એનું સ્મરણ કરો. શું કરવાનું? એની રૂડી કળાનું વર્ણન સાંભળીને એના દર્શન કરવાના. સુબહ હવાકા પહલા ઝોંકા તેરે નામ પ્રભુ તેરે નામ રાતકા રોશન એક તારા તેરે નામ હરિ તેરે નામ. કહેવાનું હે હરિ. તેરે બિના જો નામ પ્રભુ તેરે નામ. ‘એનાથી શું થશે. આપણાં ભવદુઃખ ભાગી જશે. એણે જે બનાવ્યું એનો ઉપયોગ કરો. જીવન મોજથી જીવો જગદીશ કી ન સહી જીવન કી ઉપાસના તો કરો. એ પરમાત્મા સાથે પ્રેમથી. અનુરાગથી સદાયુક્ત રહો. તમારે માંયલો સદાય એના પ્રત્યે કૃતજ્ઞ રહે એમાં જે જીવનની સાર્થકતા છે. વિચારીને અતિ તરસ લાગી હોય ને શીતળ જળ મળે તો ‘થેક્યું’ કહો . હે મારા નાથ! તે પાણી ન બનાવ્યું હો તો મારું શું થાત? પરમાત્માનો મહિમા સમજાશે. તો પ્રેમ થશે. એને માટે તો જીવન મળ્યું છે.

(પૂ. શ્રી રમેશભાઇ ઓઝા, (પૂ. ભાઇશ્રી)ના સત્સંગને આધારે)